# ૧ જીવન જ્યોત જગાવો


ત્રિભુવનદાસ લુહાર 'સુંદરમ્' : ગાંધીયુગના અગ્રણી કવિ ત્રિભુવનદાસ લુહારનો જન્મ ભરૂચ પાસેના મિયાંમાતર ગામમાં થયો હતો. 'કોયા ભગતની કડવી વાણી', 'વસુધા', 'કાવ્યમંગલા', 'યાત્રા' વગેરે તેમનાં કાવ્યસંગ્રહો છે. ટૂંકીવાર્તા, પ્રવાસવર્ણન, નિબંધ તેમજ વિવેચન ક્ષેત્રે તેમનું વિશિષ્ટ પ્રદાન રહ્યું છે. તેમનું તખલ્લુસ 'સુંદરમ્' છે.

'રણજિતરામ સુવર્ણચંદ્રક', 'નર્મદ સુવર્ણચંદ્રક', 'પદ્મભૂષણ' તેમજ 'નરસિંહ મહેતા પુરસ્કાર' થી તેઓ પુરસ્કૃત છે.

સૂર કૃતિનો – પ્રસ્તુત પ્રાર્થના કાવ્યમાં કવિએ બાળહૃદયની અભિલાષા ગૂંથી લીધી છે. બાળક પોતાના જીવનને વધુ પ્રકાશમાન, વધુ બળવાન બનાવવાની ઈચ્છા કરે છે. જીવનમાં આવતી વિપરીત પરિસ્થિતિનો સામનો કરવાની શક્તિ બાળક માગે છે. બાળકના ભાવવિશ્વની અનુભૂતિ કરવા પ્રભુનો હાથ ઝાલીને નીકળવાની શિશુસહજ દૃષ્ટિ અહીં આપેલી છે.

---

જીવન જ્યોત જગાવો, પ્રભુ હે, જીવન જ્યોત જગાવો.
ટચૂકડી આ આંગળીઓમાં ઝાઝુ જોર જમાવો.
આ નાનકડા પગને વેગે ભમતા જગત બનાવો;
    અમને રડવડતાં શિખવાડો ... પ્રભુ હે.
વણદીવે અંધારે જોવા આંખે તેજ ભરાવો.
વણજહાજે દરિયા તરવા બળ બાહુમાં આપો;
    અમને ઝળહળતાં શિખવાડો ... પ્રભુ હે.
ઊગતાં અમ મનમાં ફૂલડાંને રસથી સભર બનાવો,
જીવનના રંગો પ્રગટાવા પીંછીં તમારી ચલાવો;
    અમને મઘમઘતાં શિખવાડો ... પ્રભુ હે.
ઉરની સાંકલડી શેરીનો પંથ વિશાળ રચાવો,
હૈયાનાં ઝરણાં નાનાંને સાગર જેવું બનાવો;
    અમને ગરજંતા શિખવાડો ... પ્રભુ હે.
અમ જીવનની વાદળી નાની આભ વિશે જ ઉડાવો,
સ્નેહશક્તિ બલિદાન – નીરથી ભરચક ધાર ઝરાવો;
    અમને સ્થળ સ્થળમાં વરસાવો ... પ્રભુ હે.



## ● માર્ગદર્શક સ્તંભ ●

'જીવનમાં પ્રાર્થનાનું મહત્ત્વ' એ વિષય ઉપર વર્ગમાં ચર્ચા કરીને પ્રાર્થના વિશે જાણકારી આપવી. સામૂહિક પ્રાર્થના અને સદ્‌વિચારોથી વ્યક્તિત્વનો વિકાસ થાય છે તેમ જણાવવું. વિદ્યાર્થીઓને આવડતી પ્રાર્થનાઓ કે તેમના ઘરમાં થતી પ્રાર્થના વર્ગમાં સામૂહિક રીતે ગવડાવી શકાય. અન્ય ભાષામાં પણ પ્રાર્થના કરાવી શકાય જેમ કે 'ઈતની શક્તિ હમેં દેના દાતા...'

### સ્વાધ્યાય



સ. ૧ નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો.

(૧) હૃદય (૨) પ્રેમ (૩) પાણી (૪) તિમિર

(૫) બાવડાં (૬) કુરબાની (૭) રસ્તા (૮) સમુદ્ર

સ. ૨ રેખાંકિત શબ્દને ધ્યાનમાં રાખી અર્થ ન બદલાય તે રીતે વાક્યનું રૂપાંતર કરો.

ઉદા. મને <u>અજવાળા</u>માં ડર લાગતો નથી.

જવાબ :- મને અંધારામાં ડર લાગે છે.

(૧) <u>આથમતો</u> સૂર્ય પશ્ચિમમાં જોઈ શકાય.

(૨) મન <u>સાંકડું</u> રાખવું નહિ.

(૩) આજના યુવાનો <u>નિર્બળ</u> નથી.

(૪) કોઈના <u>મરણ</u> વખતે દુઃખ થાય છે.

સ. ૩ શબ્દો બનાવીને લખોઃ

વણ → ઉકલ્યા, બોલ્યા, થાક્યાં, લખ્યા, દીઠાં

સ. ૪ નમૂના પ્રમાણે 'નાનું' વિશેષણમાં ફેરફાર કરીને લખો :-

નાની વાદળી ________ બકરાં

________ પુસ્તક ________ છોકરું

________ બિલાડી ________ કબૂતર

સ. ૫ પ્રાસવાળા શબ્દો લખો :-

જમાવો ________ ઉડાવો ________

રચાવો ________ બનાવો ________

સ. ૬ કોની પાસેથી શીખાય તે લખો :-


ફરતાં

મહેકતાં

ગરજંતા

વરસતાં

સ. ૭ યોગ્ય રીતે જોડો :-




સ. ૮ યોગ્ય પર્યાય શોધી વિધાન ફરીથી લખો :-

(૧) આ નાનકડા પગને વેગે -----

(અ) હસતાં જગત બનાવો.

(આ) રમતાં જગત બનાવો.

(ઇ) ભમતાં જગત બનાવો.

(ઈ) રડતાં જગત બનાવો.

(૨) જીવનના રંગો પ્રગટાવા -----

(અ) પીંછી તમારી ચલાવો.

(આ) કલમ તમારી ચલાવો.

(ઇ) બુદ્ધિ તમારી ચલાવો.

(ઈ) યુક્તિ તમારી ચલાવો.

(૩) સ્નેહશક્તિ બલિદાન - નીરથી


(અ) અનરાધાર વરસાવો.

(આ) ભરચક ધાર ઝરાવો.

(ઇ) મુશળધાર વરસાવો.

(ઈ) નિર્મળ ધાર ઝરાવો.

સ. ૯ આકૃતિ પૂર્ણ કરો :-




સ. ૧૦ અર્થ દર્શાવતી પંક્તિઓ કાવ્યમાંથી શોધીને લખો :-

(૧) જહાજ વગર દરિયામાં તરવાનું બળ હાથમાં આપો.

(૨) નાનકડી આંગળીઓને શક્તિશાળી બનાવો.

(૩) હૃદયની સાંકડી શેરીને વિશાળ બનાવો – ઉદાર બનાવો.

(૪) આંખોમાં એવું તેજ આપો કે દીવા વગર અંધારામાં પણ જોઈ શકું.

સ. ૧૧ કવિતા શીખ્યા પછી તમને સમજાયેલી બાબત જણાવો.

સ. ૧૨ ★ યોગ્ય વિરામચિહ્નો મૂકીને વાક્યો ફરીથી લખો :-

(૧) બકુલ અહીં આવ

(૨) તમે કોને ખુશખબરી આપી

(૩) અધધધ આટલા બધા રૂપિયા

(૪) નીરવ શાંત સમજુ અને ઠાવકો છે

★ યોગ્ય રીતે જોડો.

| | વાક્યો | કાળ |
|---|---|---|
| (૧) | હું ફરવા જાઉં છું. | ભૂતકાળ |
| (૨) | બાળકો બાગમાં રમતા હતા. | ભવિષ્યકાળ |
| (૩) | તું આવતીકાલથી વાંચજે. | વર્તમાનકાળ |

★ તમારી મહત્ત્વાકાંક્ષા વિશે વર્ગ સમક્ષ રજૂઆત કરો.

## પ્રકલ્પ

વિવિધ પ્રાર્થનાકાવ્યો એકઠાં કરી નાનકડી પુસ્તિકા તૈયાર કરો.

## વિશેષ વાંચન



### જીવનનું ઘડતર

‘પિતાજી, શું આપ મને પૂના મૂકવા આવો છો ? ગાડી ઊપડવાની તૈયારીમાં હતી ત્યાં એક આધેડ સજ્જન દોડતાં દોડતાં ડબ્બા પાસે આવ્યા એટલે બારી પાસે જ બેઠેલા પુત્રે પિતાને આદરપૂર્વક આવકારતા કહ્યું.

પુત્રની સામેની ખાલી જગ્યાએ પોતાની બેઠક લેતાં એ સજ્જન બોલ્યા :

‘બેટા, તને મૂકવા નથી આવતો. રાજ્યના અગત્યના કામ અંગે હું પૂના જઈ રહ્યો છું. કોલેજમાં તો તું જાતે પણ દાખલ થઈ શકીશ.’

‘રાજ્યના ક્યા કામ અંગે આપને જવાનું છે ?’

‘આપણા સાંગલી પ્રદેશ માટે પ્રોમિસરી નોટોનો પ્રબંધ કરવા હું પૂના જાઉં છું.’

‘આશરે કેટલા રૂપિયાની પ્રોમિસરી નોટ તમે પૂનાથી લઈ આવવાના છો !’

‘ત્રણેક લાખ રૂપિયાની તો ખરીદવી જ છે.’

માત્ર પુત્ર જ સાંભળી શકે એટલા ધીમે સ્વરે એમણે કાનમાં કહ્યું.

‘પિતાજી, આપને કદાચ ખબર નહિ હોય, પણ નોટોના ભાવ તો છાશવારે બદલાતા રહે છે. આપણે જો ભાવ કસીને લઈશું તો સસ્તે ભાવે મળી જશે.’

‘બેટા, તારી વાત હું ધ્યાનમાં રાખીશ. સસ્તી પ્રોમિસરી નોટો મળશે તો રાજ્યને એટલો ફાયદો થશે ને !’ પિતાજી ઉત્સાહભર્યા સ્વરે બોલ્યા.

‘પણ પિતાજી! આપણે રાજ્યને એની જાણ કરવાની શી જરૂર છે ! રાજ્યને તો બજારમાં જે ભાવ રહે છે એ જ જણાવવાનો હોય અને એમાંથી જે નફો મળે એ આપણે જ રાખી લેવાનો.’ પ્રપંચનાં સોગઠાં ગોઠવતાં પુત્રે કહ્યું.

પુત્રની વાત પર ધ્યાન આપવું મૂકી દઈ, પિતા હવે ગાડીની બારીમાંથી બહાર દેખાતા ગગન તરફ તાકી રહ્યા.

પુત્ર તો હજી પણ વાત કહેવાના ઉત્સાહમાં હતો. પોતાની વાત આગળ ચલાવતાં એ બોલ્યો : ‘પિતાજી! આ મબલખ નફાની કોઈનેય ગંધ સુદ્ધાં નહિ આવે.’

પુત્રની વાતનો જવાબ આપવાને બદલે પિતા તો ઊંડા ચિંતનમાં પડી ગયા.

પુત્રને લાગ્યું કે, પિતાજી પોતાની વ્યાવહારિક સલાહ પર જ વિચારી રહ્યા છે.

પણ પિતાની મન-માટલીમાં તો વિચારવલોણું ઝડપથી ઘૂમી રહ્યું હતું.

પુત્રના મુખેથી આવી વાતો સાંભળી પિતાને મનમાં અનહદ અફસોસ થયો.

થોડી વાર પછી પુત્ર સામે અનુકંપા ભરી દષ્ટિ કરતાં એ બોલ્યા :

‘બેટા ! તારા વિચારોમાં આટલું બધું પરિવર્તન ક્યારથી આવી ગયું ? આ શું બોલે છે તું ? મારું લોહી બોલે છે આ ? ના, મારા લોહીમાં અપ્રમાણિકતાનું એકે રજકણ પ્રવેશી શકે નહિ. તું કોઈ નાટકના ગોખેલા સંવાદ તો નથી બોલતો ને !’

પિતાને મુખેથી આવી અસંબદ્ધ વાત સાંભળીને પુત્ર તો ઘડીભર ડઘાઈ જ ગયો.

વિનયભર્યા સ્વરે એ બોલ્યો : ‘પિતાજી! આમ કેમ કરો છો! મને આપની વાતમાં કંઈ જ સમજ પડતી નથી’.

‘મને પણ તારા વર્તનમાં કંઈ સમજ પડતી નથી.’ પિતા ગંભીર સ્વરે બોલ્યા : ‘મેં સ્વપ્ને પણ એવી કલ્પના નહોતી કરી કે તારા મનના સરોવરની નીચે આટલી બધી હીનતાનો કાદવ ભરેલો હશે!’

પિતાએ એવો સખત ઊધડો લીધો કે પુત્ર તો સાવ મૂંગો જ બની ગયો.

પોતાની વાત આગળ ચલાવતાં એ બોલ્યા :

'ભાઈ, તારી સલાહનો હું અમલ કરું તો એનો અર્થ એ થાય કે, મેં મારા અન્નદાતા સાથે છેતરપિંડી કરી છે. તારી આવી હલકી કેળવણી પર ધૂળ પડી.'

'બેટા! લક્ષ્મી તો ચંચળ છે. કોઈની થઈ નથી ને થવાની નથી. પ્રભુએ આપેલી જિંદગીને કોરી સ્લેટ માફક રાખી જીવવું. ઈજ્જતભેર રહેવું એ મોટી વાત છે. તું કહે છે એમ હું મારા રાજ્યને છેતરું તો મૃત્યુ પછી ભગવાન સમક્ષ હું કયે ઊજળે મોઢે ઊભો રહી શકીશ ? તું કૉલેજમાં આવું જ અનીતિનું શિક્ષણ લેવા જઈ રહ્યો હોય તો તો પછી અહીંથી જ પાછો વળી જા.'

પિતાની વાત સાંભળીને પુત્ર તો સ્તબ્ધ બની ગયો.

પછી તો એને ઊંઘ જ ન આવી. રાત આખી પડખાં ઘસીને જ પૂરી કરવી પડી.

ગાડી સવારે પૂના પહોંચી ત્યારે એ મંગલ પ્રભાતે યુવાને મંગલ સંકલ્પ કર્યો.

'આજથી અનીતિનું ધન મેળવવાનો વિચાર કદીયે નહિ કરું.'

કૉલેજની સાચી કેળવણી એ દિવસે સાંગલીથી પૂના જતાં મેળવનાર એ જ યુવાન ભવિષ્યમાં કાકા કાલેલકરને નામે વિખ્યાત થયો.

– સંત પુનિત

## સ્વાધ્યાય



**સ. ૧ કોણ કોને કહે છે તે કહો.**

(૧) 'કૉલેજમાં તો તું જાતે પણ દાખલ થઈ શકીશ.'

(૨) 'તારા વિચારોમાં આટલું બધું પરિવર્તન ક્યારથી આવી ગયું ?'

**સ. ૨ સાચું કે ખોટું લખો.**

(૧) સાંગલી પ્રદેશના કાર્ય માટે કાકાસાહેબ ટ્રેનમાં બેઠા.

(૨) સસ્તી પ્રોમિસરી નોટો મળશે તો રાજ્યને નફો થશે.

(૩) પુત્રને લાગ્યું કે પિતાજી પોતાની સલાહ પર નથી વિચારતા.

(૪) આજથી અનીતિનું ધન મેળવવાનો વિચાર કદીયે નહીં કરું.

**સ. ૩ નીતિ અને અનીતિ વિશેના તમારા વિચારો લખો.**

***

જે કંઈપણ હૃદયને પવિત્ર કરે છે,
તે મજબૂત પણ કરે છે.

3XJB7A